Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૧૨ · તા. ૧૫ થી ૨૧ માર્ચ ૨૦૧૪ · વાર્ષિક લવાજમ ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14






## રાયપુરમાં ભરનારા સંમેલનની પુર્વ તૈયારી રૂપે રાયપુરમાં સમસ્ત મહાજનના આગેવાનોની વિશેષ બેઠક : જ્ઞાતિના સમાજ જીવનને સમયોચિત અને વધુ ચેતનવંતુ બનાવવાનો પુરુષાર્થ આરંભાયો











## સમસ્ત મહાજનના મોભીઓની ઉપસ્થિતિમાં રાયપુરમાં ભરનારા સંમેલનની ઓફિસનું ઉદઘાટન







**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**''સમીક્ષા''**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**''પ્રકાશ સમીક્ષા''**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

સહ તંત્રી :

ચંદ્રસેન મોમાયા

મો. 9324618606

**સમિતિ સભ્યો**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 12/2014**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poomima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# પારદર્શકતાના ફાયદા હજાર, અપારદર્શકતા વધારે તકરાર

**- ઠાકરસી મેઘજી ગોસર**

જ્ઞાતિ સંસ્થાઓમાં રખાતી પારદર્શકતાના ફાયદા શું અને એ ન રખાય તો તેના ગેરફાયદા શું તે અંગે તાજેતરની ત્રણ મોટી ઘટનાઓ નજર સામે આવે છે.

શ્રી કચ્છી વિશા ઓસવાલ જૈન ખબર પત્રિકાના શનિવારના ૧ માર્ચ ૨૦૧૪ના અંકમાં શ્રી હીરજી ભોજરાજ એન્ડ સન્સ ક.વિ.ઓ. જૈન છાત્રાલય ''માટુંગા બોર્ડીંગની મહાવીર બિલ્ડીંગ તરીકે ઓળખાતી મિલકતના વેચાણ અંગેનો પારદર્શક ખૂલાસો'' એ શીર્ષક હેઠળ બે પાનામાં સવિસ્તર ખુલાસો પ્રગટ થયો છે.

આ સાથે ક.વિ.ઓ. સમાજની એક અગ્રણી સંસ્થા સંબંધે ઊભા થયેલા વિવાદનો સુખદ અંત આવ્યો છે. ખુલાસો ૧. મહાવીર બિલ્ડીંગ શા માટે વેચવી પડી? ૨. તેની વેચાણ પ્રક્રિયા કેવી રહી અને ૩. જગ્યા વેચાણની રકમનો ભવિષ્યમાં ઉપયોગ એમ ત્રણ ભાગમાં વહેંચાયેલો છે.

પ્રથમ ભાગમાં સંતોષકારક રીતે સમજાવવામાં આવ્યું છે કે સંસ્થાનો ઉદ્દેશ્ય શૈક્ષણિક છે. સંસ્થાએ પોતાની પ્રવૃતિના સંચાલનમાં વધુ આવક થાય અને સાનુકુળતા રહે તે માટે મિલકત ખરીદી હતી, પણ અનુભવે સમજાયું કે આ મિલકતથી ન જેવી આવક થાય છે અને તેના વહીવટ માટે અનેક જાતની માથાકુટ કરવી પડે છે તે માટે મિલકત વેચવામાં આવે તે યોગ્ય છે.

ઉક્ત ખુલાસામાં ટ્રસ્ટીઓએ વધુમાં જણાવ્યું કે મિલકતના વેચાણમાં જ્ઞાતિના ફ્રી સેવા આપતા નામી સોલીસીટરને સાંકળવામાં આવેલા. મિલકતનું વેંચાણ કરતી વખતે પ્રોપર્ટી માર્કેટ સાનુકુળ હોય અને વધુને વધુ રકમ મળે તેનું ધ્યાન રખાયું. મુળે રૂા. સવા અગિયાર કરોડની ઓફર હતી. પણ તે રકમ યોગ્ય ન લાગતાં પ્રોપર્ટી માર્કેટ અનુકૂળ બને તેની રાહ જોવાઈ. છેલ્લે જ્યારે રૂા. ૯૦ કરોડની રકમ ઉપજી ત્યારે જ સોદો મંજુર થયો.

છેવટે, ખુલાસાના ત્રીજા ભાગમાં જણાવાયું છે કે આ રકમનો ઉપયોગ અમુક રકમ ફિક્સમાં મુકી તેના વ્યાજમાંથી જ્ઞાતિના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવા તથા જ્ઞાતિ વસવાટવાળી વિવિધ જગ્યા એ શૈક્ષણિક સુવિધાઓ ઊભી કરવા મિલકતો ખરીદવામાં થશે.

આની સાથે આપણી જ્ઞાતિની જરૂરતમંદોને રહેઠાણ પુરા પાડવા જે મિલકત (અનંતછાયા) જ્ઞાતિએ પચાસેક વર્ષ પહેલાં વિકસાવી હતી તેના વેચણની તુલના કરીએ તો ત્રણ મુખ્ય મુદ્દાઓ અગત્યના ગણી શકાય તે સામે આવે છે.

એક તો, વેચાણ કરનારા ટ્રસ્ટીઓએ અગાઉના ટ્રસ્ટીઓએ જે ડેવલપર સાથે કરાર કરેલો તેની સાથેનું કમીટમેન્ટ યેન કેન પ્રકારેણ આગળ વધાર્યા વિના છુટકો ન હતો નહીંતર કોર્ટની કાર્યવાહીનો ભોગ બનવું

પડે તેથી તે જ ડેવલપર સાથે (વેચાણનો) કરાર કરવો પડયો અને અમારે ન છુટકે તે આપે એ વધુમાં વધુ રકમ સ્વીકારી લેવી પડી તેવું બહાનું આપવામાં આવ્યું.

બીજું, ખુદ સમસ્ત મહાજને જ્ઞાતિના બિલ્ડરો, વકીલો, ચાર્ટર્ડ એકાઉન્ટો સાથે વિચાર વિમર્શ કરી તે મિલકતના ટ્રસ્ટીઓએ ઠરાવેલ ભાવથી અનેક કરોડ વધુ ભાવ ઉપજવા જોઈએ એવો અભિપ્રાય આપ્યો અને સોદામાંથી પાછા હટી જવાની ભલામણ કરી તોય ટ્રસ્ટીઓએ ફેર વિચારણા કરી નહીં.

અને ત્રીજી નોંધપાત્ર વાત તો એ છે કે માત્ર ૫૦ લાખ કે ૧ કરોડની ગણાય તેવી મસાજીદ બંદરમાં ટનટન પુરા સ્ટ્રીટમાં (મહાજવાડીની) સામી ચાલ તરીકે ઓળખાતી મિલકત વેચવા જ્ઞાતિ મહાજનની સભા બોલાવવામાં આવી પણ ટ્રસ્ટીઓએ કરોડોની મિલકતનું (અનંતછાયાનું) વેચાણ જ્ઞાતિનો અભિપ્રાય લીધા વગર કર્યું તેનો તર્ક ટ્રસ્ટીઓ હજી સુધી જ્ઞાતિને સમજાવી શકયા નથી.

આ રીતે જ્ઞાતિના એક મોભી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ એક મહત્વની મિલકતના સોદામાં જે અપારદર્શકતા રાખી તેનું પરિણામ એ આવ્યું છે કે જ્ઞાતિ છેલ્લા અઢી વર્ષથી એ વિવાદમાં અટવાયેલી છે.

જોકે, અપારદર્શકતાના પરિણામો આથીય વધુ ખરાબ આવી શકે છે તે માટે જો કોઈ નક્કર દ્રષ્ટાંતની જરૂર હોય તો હાલમાં બે - ત્રણ મહિનાથી છાપે ચઢેલા કચ્છ લોહાણા મહાજન મુંબઈના વિવાદથી મળી શકે.

આ ટ્રસ્ટના જુના ટ્રસ્ટીઓ અને પદાધિકારીઓએ કાનુની કાવાદાવાથી ત્રણેક દાયકા ચુંટણી કર્યા વિના પોતાના હસ્તક કારભાર ચાલુ રાખ્યો હતો અને વહીવટી પારદર્શકતાને અભેરાઈએ ચડાવી દીધી હતી. મુંબઈ સમાચાર આ અંગેની વિગતો પ્રગટ થઈ છે તે અનુસાર વર્તમાન પ્રમુખ અને કેટલાક પદાધિકારીઓ એ ક્રિકેટ મેચ તથા અન્ય આયોજનોમાં બેફામ ખર્ચ કર્યા છે તેમજ જ્ઞાતિ માટેના માસિક પત્ર અંગે ટેન્ડર પ્રક્રિયા કર્યા વિના પ્રકાશન શરૂ કર્યું હતું. તે જ પ્રમાણે બજેટ બનાવ્યા વિના અઢળક ખર્ચા કર્યા કરે છે. આજે પરિણામ એ આવ્યું છે કે એ સંસ્થાનો વહીવટ વ્યવહાર થંભી ગયો છે અને લાભાર્થીઓને આર્થિક અને અન્ય રીતે નુકસાન થઈ રહ્યું છે.

આપણી જ્ઞાતિમાં આવું ન થાય તે માટે જ્ઞાતિનો સમજદાર વર્ગ બધી સંસ્થાના અધિકારીઓને પારદર્શકતા રાખવા તથા બજેટ બનાવવાનો સતત આગ્રહ કરી રહ્યો છે.

પ્રારંભમાં તો લગભગ બધા સંબંધિત ટ્રસ્ટીઓને આ રીતે પારદર્શક વહીવટ કરવાની વાત નકામી માથાકુટ લાગી હશે પણ તાજેતરમાં શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ તા. ૨૮.૨.૧૪ના પોતાની સંસ્થાનું નાણાકીય વર્ષ ૧ લી એપ્રિલ ૨૦૧૪થી ૩૧ મી માર્ચ ૨૦૧૫ સુધીનું બજેટ ચેરીટી કમિશ્નરના દફતરે ફાઈલ કર્યું છે અને પ્રકાશ સમીક્ષાને તેની એક નકલ પણ મોકલી છે. પ્રકાશ - સમીક્ષામાં ટ્રસ્ટો - મહાજનોને બજેટ અંદાજપત્રક બનાવી જ્ઞાતિ સમક્ષ મુકવા વારંવાર અપીલ કરાઈ છે તેનો આ ટ્રસ્ટનો સકારાત્મક પ્રતિભાવ જ્ઞાતિમાં પારદર્શક વહીવટ કરવાની પ્રતિબદ્ધતાની દિશામાં પ્રારંભ થઈ રહ્યો છે તેવી આશા અપેક્ષા જગાડે છે.

આ પહેલ માટે તેમના ટ્રસ્ટીઓ સર્વશ્રી શિવજી વિકમશી ગોવિંદજી લાલકા, હિરાચંદ દંડ, હંસ ખીમજી, પદમશી સોની, કિરીટ લાપસીયા, પદમશી લાલકા, દમયંતી શાહ, નરેશ શાહ, કેતન વિકમશી, મણિકાંત ધૂલ્લા, કલ્પરાજ ધરમશી અને હેમાંગ ધરમશી સમસ્ત જ્ઞાતિના અનેરા અભિનંદનના અધિકારી બને છે.

આશા રાખીએ કે આ શૈક્ષણિક ટ્રસ્ટની પહેલ જ્ઞાતિના સૌ ટ્રસ્ટો માટે પ્રેરણા સ્રોત બનશે જેથી જ્ઞાતિમાં વિવાદોનો ભાગાકાર અને સહકારનો ગુણકાર થશે.

## ભુજપુર કચ્છ મહાકાલી મંદિરે ૩૮મી સ........ ઉજવાઇ



શ્રી જિનેન્દ્ર જ્યોતિધમિ મંદિર ભુજપુર મંદિર ની ૩૮મા વરસની ધ્વજારોહણ ભવ્યતાથી ઉજવાઇ જે મંદિરની પ્રતિષ્ઠા યતિ મદનચંદજી અને શ્રીપૂજ્યોકરાવેલ તે શ્રી ચંડેશ્વરી દેવી શ્રી મહાકાલી દેવી શ્રી અંબાજી દેવી, શ્રી પદ્માવતી દેવી, શ્રી મહાલક્ષ્મી દેવી, શ્રી ઘંટાકર્વ મહાબર દેવ, શ્રી ગૌતમસ્વામીજી, શ્રી પૂજમહારાજ સહિત દેવ-દેવીઓ ગુરૂ મૂર્તિઓના જાગતી જ્યોત મંદિરની સાલગીરી ૩ દિવસ ઉત્સવ થી ઉયાયેલ ૧૦-૨-૧૪ સોમવારના કોચીન થી શ્રી રમેશ શાહ અ.સૌ. પ્રવીણ ચિ. ખેવના પધારતા સવારના બધી મૂર્તિઓના અભિષેક નો લાભ લીધેલ અ.સૌ. પૂર્વીઅને ચિ. દીપકની નવજીવન મા આવતા સાધર્મિક ભક્તિ રખાયેલ મંદિરને વિશેષ લાઇટ શણગાર શ્રી સોભાયમાન કરેલ મંગળવાર ૧૧-૨-૧૪ ના સવારના નવગ્રહ પારલાપૂજન દશા દિકપાલ પારલા પૂજન મુંબઇ આવતા સંઘમાતા પ્રભા અને હેમેન્દ્ર લાડેયા સાથે


શુભેચ્છાસહ *Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No. 11-0404

રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની

સંપર્ક : 08879677709


જય જય શ્રી શાંતિનાથ

### સાંધવ ગામવાસીઓને પધારવા ભાવભર્યું આમત્રંણ

કચ્છ પ્રદેશ શ્રી શાંતિનાથ દાદાની અસીમ કૃપાથી અને સુરિત્રયની કૃપા ..... આજ્ઞા.... શુભાશીષોથી કચ્છ માદરે વતનમાં પ્રથમ વારજ યોજાઈ રહેલી વિહારયાત્રા - તિર્થયાત્રા સહ પંચ દિવસીય શ્રી આર્ય સમાજ ગુણ કન્યા જ્ઞાન શિબિરનું આયોજન શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈએ કરેલ છે જેનો પ્રથમ મુકામ એટલે સાંધવ નગરથી પ્રારંભ થશે તા. ૨૪.૦૫.૨૦૧૪ શનિવારના સવારે ૭.૦૦ કલાકે આપણા ગામની ધરતીએ પુ.સા.શ્રી વિપુલ ગુણાશ્રીજી. મ.સા. આદિની નિશ્રામાં વિશાળ સાધ્વીવૃંદ પધારશે.

શિબિરાર્થી બાલીકાઓ ૧૫૦ થી વધારે સંખ્યામાં પધારશે. તો ચાલો ગામવાસીઓ આપણે પણ બધા એ શિબિરાર્થી બહેનોની અનુમોદના કરવા.. તેમજ ભવ્ય સામૈયામાં સામેલ થવા.. એમના સુકૃતને બિરદાવવા અને એક દિવસ પ.પુ. મ.સા.ના. સત્સંગને પામવા.. સૌ ગામવાસીઓને બહોળી સંખ્યામાં પધારીને આ રૂડા અવસરને દિપાવવા વિનંતી.

લિ. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન સાંધવ વતી
શ્રી શામજી નરશી દંડ - પ્રમુખ શ્રી

### ક.વી.ઓના ગામોમાં દેરાસરજી નિર્માણમાં મહત્વનું યોગદાન આપનારા જ્ઞાતિના ભાગ્યશાળીઓ અંગે જાણકારી આપવા અનુરોધ

કચ્છી વિશા ઓસવાળના ગામોમાં દેરાસર નિર્માણમાં પણ આપણી જ્ઞાતિના ધર્મપ્રેમીઓએ મહત્વનો ફાળો આપ્યો છે.

ક.વિ.ઓ. આગેવાનો પાસેથી મળેલી માહિતી પ્રમાણે ક.વી.ઓ. વસતિવાળા એક ગામમાં આસરે ૧૨૫ વર્ષ પહેલાં નિર્માણ પામેલા જિનાલયમાં જ્ઞાતિના ધર્મપ્રેમીશ્રી **૧. લાલજી દેવશી મોમાયા ૨. મેઘરાજ રાયશી** અને **૩. પાશ્વીર મેઘરાજે** મહત્વપુર્ણ યોગદાન આપ્યું હતું.

આ ભાગ્યશાળીઓના વારસો કે જ્ઞાતિ વડીલો આ વ્યક્તિઓની માહિતી આપે તો એ વિશે જાણવા ઈચ્છતા ક.વી.ઓ. મહાનુભાવોને આપી શકાય.

સંપર્ક : પ્રવીણ લોડાયા 09892486591, ગોવિંદજી પટેલ 09820540949

શ્રી શાંતિનાથાય નમો નમઃ

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - સાંધવ**ની એક સામાન્ય સભાનું આયોજન તા. ૬.૪.૨૦૧૪ને રવિવારના સાંજે ૪.૦૦થી ૫.૦૦ દરમ્યાન દેવપુંજા હોલ, વાલજી લધારોડ, મુલુંડ વેસ્ટ, મધ્યે રાખેલ છે.

**-: એજન્ડા :-**

૧. ગત મિનિટસનું વાંચન અને તેને બહાલી, ૨. ચાતુર્માસ તથા પર્વ પયુર્ષણની રાબેતા મુજબ આરાધના બાબત ચર્ચા વિચારણા કરવી. ૩. પ્રમુખશ્રીની મંજુરીથી જે રજુ થાય તે બાબત ચર્ચા વિચારણા કરવી.

લિ. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - સાંધવ વતી
શ્રી શામજી નરશી દંડ - પ્રમુખ શ્રી


શુભેચ્છાઓ સહ...

**સાંધવ રત્ન**

**શ્રી મુલજી રાઘવજી લોડાયા**

**MRL Group of Companies**

શુભેચ્છા સહ...

**શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)**

**UK KHMJI & CO.**

144, Vasant Market yard, 4th Lane, Sangli
MH - 416 416 Tel.: 2670910 / 2322057

કોચીનના રમેશ સપરિવાર લાજા લીધેલ બાદમાં માતાજીનું મહાપૂજન ભગવતીપૂજન યત્ર અને મૂર્તિઓ પર વિશેષ ફુલોથી થયેલ બાદ બધી દેવી મૂર્તિઓની અલંકાર પાને તર ચુંદડી લ માળા વેણી ગજ્જરા ફ્રન મીઠાઈથી વિશેષ પૂજન કરાયેલ જેમાં માતુશ્રી ધનબાઈ અ.સૌ. રાજશ્રી શ્રી હેમેન્દ્ર અ.સૌ. પ્રભા અ.સૌ. પૂર્વી દીપક ચિ. ખેવના અ.સૌ. પ્રવીણા શ્રી હર્ષવર્ધન, શ્રી કીરીટ સોની લાભ લીધેલ, ધ્વજા ચઢાવ લાભ શ્રી હેમેન્દ્ર લોડાયા, શ્રી પ્રતાપ લાડોયા, શ્રી ધીરજ શાહ, શ્રી ચેતન મોતા, શ્રી હીરાલાલ ડાધા, શ્રી કલ્પેશ મોતા, શ્રી ઉમેશ ગોસર, શ્રી દીપક લોડાયા લીધેલ પ્રભાવના સાધર્મિક ભક્તિ સંઘમાતા પ્રભા હેમેન્દ્રથી થયેલ બપોરના ૨.૩૦ કલાકે શ્રી ઘટાકર્ણવરની મૂર્તિ યંત્ર સન્મુખ વિશેષપૂજન તેમજ હવન થયેલ જેમાં સુખડ અગર ગોળી મેવો સમિધ ઘી થી ૧૦૮ આતુમિબાદ ગોળો ભાવથી સમર્પિત કરાયેલ મૂર્તીઓ પર મુંબઈ થી આવેલ ગુલાબના ફુલો-કમળ ફુલ હાર થી ૧૦૮ ની ફળ મીઠાઈ સહિત વિશેષ પૂજા કરાવાઈ બાદ આરતી ભવ્ય રીતે થયેલ સાંજના સાધર્મિક ભક્તિ લાભ હર્ષવર્ધન લીધેલ બુધવારના ૧૨-૨-૧૪ સવારના અતિષંડ ચુંદડી અલંકાર ફળ મીઠાઈ વિશેષ પૂજા હેમેન્દ્ર લોડાયાએ લાભ લીધેલ. જીવદયા પખીયણ ઉત્સવને સફળ બનાવવા ખીમજી હર્ષવર્ધન દીપક કરીટ વ.... સગવડ સેવા પ્રવીણ જમણ અન્ય વ્યવસ્થા અરવિંદ દેઢિયા સહયોગ આપેલ પૂજારી દિનેશ આવનારા મહેમાનો મુંબઈ કોચીન દરવરસે આવતા યતિશ્રીએ શુભેચ્છા આપેલ હર્ષવર્ધને સન્માન કરેલ દરવરસ પધારવા અને મંદિરની બાજુની જગ્યા લેવાતા વિસ્તાર નૂતની કરણમાં સહકાર આપવા જણાવાયેલ આ ઉત્સવ દરમ્યાન ભાડુંપ ગાદીધામ સાંગલી ભુજ માંડવી થી ભાવિકો ગુરૂભક્તો ખાસ પધારી દર્શન .... લીધેલ પૂજન યતિશ્રી કરાવેલ સંગીત લાઈટ સાઉન્ડ ની હર્ષવર્ધન કરેલ આવેલસૌનો આભાર હર્ષવર્ધને કરેલ.



# હાર્દિક અભિનંદન !



**CA. રાહુલ ભરત ધરમસી**

**B.Com., A.C.A., CISA.**

**(સુથરી - વડોદરા)**

ચિ. રાહુલ, **Institute Of Chartered Accountants of India (I.C.A.I.)** ના **C.A.** થયા બાદ સેન્ટેનિચલ કોલેજ, ટોરોન્ટો (કેનેડા) માંથી સર્ટીફાઈડ સ્ટ્રેટેજીક મેનેજમેંટ એકાઉન્ટીગનો કોર્સ સને ૨૦૧૩ માં 86% માર્કસ મેળવી પાસ થયેલ છે. ત્યારબાદ તેઓ ડિસેમ્બર ૨૦૧૩ માં લેવાયેલ સર્ટીફાઈડ ઈન્ફરર્મેશન સિસ્ટમ ઑડીટર **(CISA)** ની પરીક્ષા **92%** સાથે ઉત્તિર્ણ થયા છે. હાલમાં તેઓ કેનેડાની **Multi Speciality Hospital Group** ના એકાઉન્ટસ ડીપાર્ટમેન્ટ ના **Head** ની પોસ્ટ પર કામ કરી રહ્યા છે. તે ભવિષ્યમાં જીવનમાં દરેક ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી અમારા સૌની મંગળ કામના.

**શુભાશિષ**

દાદી-દાદા : સૌ. જયાબેન તારાચંદ શામજી ધરમસી
નાની-નાના : સ્વ. હિરાબેન માણેકજી નેણસી પાલાણી (કોઠારા - ઘાટકોપર)
મમ્મી-પપ્પા : સૌ. દેવી ભરત તારાચંદ ધરમસી
કાકી-કાકા : સૌ. અનીતા જય તારાચંદ ધરમસી

**શુભેચ્છા**

બહેન-ભાઈ : ચિ. ડિમ્પલ, ચિ. મેહુલ, ચિ. તેજસ.


**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500



**મરમજા મોતી :** બે પંક્તિમાં અંકિત
કવિ ‘‘તેજ’’ ની અમૃતવાણી... (૫૦)
**- સોમ ધરમશી** (કચ્છ)-09726776627

"ઘુડી હલેલ ખાસી, વટ વરેલ ખાસી
**તેજ** વે હીંયેમેં હામ (ત) ભંધુક ભરેલ ખાસી"

**શબ્દાર્થ :** ઘુડી = ઘોડો (અશ્વ), વટ = વાટ (દિવાની - રૂની), હીંયેમેં = હેયામાં, મનમાં, હામ = હિમ્મત, ભંધુક = બંદુક

**ભાવાર્થ :** મેનેજમેન્ટ શબ્દ છે અંગ્રેજી પણ એકજ શબ્દમાં તેનો ગુજરાતી વિકલ્પ મળતો નથી. આજે આ શબ્દનો ઉપયોગ અનેક ક્ષેત્રોમાં થતો હોવાથી ભદ્રંભદ્રની માફક તેનો સંસ્કૃત કે ગુજરાતી વિકલ્પ શબ્દ ગોતવાની માથાકુટમાં પડયા વગર **કવિ તેજ** મેનેજમેન્ટનાં ઉંડા રહસ્યો પોતાની માર્મિક બોલીમાં બે પંક્તિમાં આપણને સમજાવે છે, તે તરફ ધ્યાન કેન્દ્રિત કરીએ.

આધુનિક મેનેજમેન્ટમાં ૩ C ની ફોર્મ્યુલા સફળતા પ્રાપ્ત કરવા શીખવાડવામાં આવે છે Committment, Communication અને Confidence આ ૩ C થી શરૂ થતા ગુણો જો આપણામાં હોય તો સફળતાના સોપાન સડસડાટ ચડી શકાય. તમે કોઈ પણ ધંધો - વ્યવસાય કે નોકરીમાં કે કોઈ પણ ક્ષેત્રમાં સફળ થઈ શકો.

સૌ પ્રથમ ઘોડીનું ઉદાહરણ આપી કવિ કહે છે કે પ્રાણીએ ચાલતાં રહેવું જોઈએ. એ સ્થિર કે સ્થગિત થઈ જાય તો નકામું થઈ જાય. ચાલવાનો મહાવરો હોય તોજ કટોકટીનાં સમયે ઘોડી યોગ્ય લક્ષ્ય પર પહોંચાડવા મદદરૂપ થાય. તેવી જ રીતે જિંદગીમાં પણ ચાલતાં રહેવું જોઈએ, એટલે કે નિત્ય નવું કાંઈક જાણતાં રહેવું જોઈએ... આળસુ વ્યક્તિ સફળતાથી જોજન દુર હોય છે. શ્રી મનોજકુમારનાં સિનેમામાં પણ આ સંદેશો એક ગીત રૂપે આપણને મળેલો ***‘‘જીવન ચલને કા નામ.... ચલતે રહો સુબહો શામ’’***

બીજા ઉદાહરણમાં દીવાની વાટની વાત કરતાં કવિ કહે છે કે જો વાટ સરખી વાળેલી હોય તો જ દીપક બરાબર પ્રજ્જવલિત થઈ શકે અને લાંબો વખત સુધી પ્રકાશ આપી શકે. સફળતાની કેડી ઉપર પ્રગતિ કરવા વ્યક્તિ એ સજગતા કેળવવી જોઈએ.

ઉપરોક્ત પંક્તિઓમાં રહેલો મધ્યવર્તી વિચાર સમજાવતાં કવિ હામ, હિમ્મત, આત્મવિશ્વાસને મહત્વ આપે છે. આત્મવિશ્વાસ પ્રાપ્ત કરવા પાયાની તાલિમ, યોગ્ય માહિતીઓ, સમજણ, આયોજન ઈત્યાદિકની જરૂરત હોય છે. હાથમાં ભરેલી બંદુક હોય પણ આત્મવિશ્વાસની ખામી હોય તો ટ્રીગર કેવી રીતે દાબી શકાય?

આવા સુંદર મેનેજમેન્ટનાં લાક્ષણિક પાઠ બે પંક્તિમાં **કવિ તેજ** જ સમાવી શકે. વિરમતાં પહેલાં ગુજરાતના વીર સન્માન પ્રાપ્ત કવિ નર્મદની આ લાગણી સાભર પંક્તિઓ ગણગણાવી લઉં.

***‘‘યા હોમ કરીને પડો.... ફતેહ છે આગે’’***


**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | ન્યુજ ગ્લેઝ કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 7,000/- | 5000/- | 4,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 4,000/- | 2600/- | 2250/- |
| પા પાનું | 77 x 111 mm | 2,500/- | 1400/- | 1250/- |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | આર્ટ પેપરની બેપાનાની જાહેરાત મળે તોજ | 800/- | 700/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | | 400/- | 350/- |

**ચેક C.D.O. PRAKASH SAMIKSHA ના નામે લખવા**

જા.ખ. મેટર મોકલવા સાથે જા.ખ. બ્લેક/વ્હાઈટ છે કે કલર છે, જા.ખ.ની સાઈઝ, જા.ખ.નું બીલીંગ નામ-સરનામું અને જરૂરી પેમેન્ટ સાથે મોકલવું અત્યંત આવશ્યક છે.

॥ શ્રી સુમતિનાથાય નમો નમઃ ॥

# શ્રી અચલગચ્છ જૈન સંઘ, મુલુંડ (પૂર્વ)

## શ્રી અચલગચ્છ જૈન સંઘ મુલુંડ (પૂર્વ) ના પ્રાંગણમાં
## સામુદાયિક વર્ષીતપ વ્રતોચ્ચાર સમારોહ

મુલુંડ (પૂર્વ) ની કામણગારી અને ધાર્મિક ધરા પર ૧૨ માં વર્ષીતપના આરાધક શાસન પ્રભાવક,
નવકાર મહામંત્ર નિષ્ઠ **પ. પૂ. ગણિવર્ય ભગવંત શ્રી કવીન્દ્રસાગરજી મ.સા.** ની સૌભાગ્યકારી નિશ્રામાં
વર્ષીતપ ઉચ્ચરાવવા દેશ-પરદેશ થી સૌ પુણ્યવંત, તપસ્વી શ્રાવક શ્રાવિકાઓને પધારવા

## આનંદભર્યું..... પ્રેમભર્યું.... સસ્નેહભર્યું નિમંત્રણ

**ફાગણ વદ - ૮, તા. ૨૩-૩-૨૦૧૪, રવિવાર**
**સ્થળ : મુલુંડ (પૂર્વ)**

જૈન શાસનના નકશામાં અચલગચ્છને આગવુ સ્થાન અપાવનારા રાષ્ટ્રસંત અચલગચ્છ અને કચ્છી સમાજના હૃદયસમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજાએ પોતાના જીવનમાં ૮ વર્ષીતપ કર્યા વર્તમાન **અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.** જેઓ તપસ્વીસમ્રાટ ઉપમાથી અલંકૃત છે અને જેમની વર્ષીતપની વણથંભી હારમાળા આગળ વધારી અર્ધશતકને આંબી રહ્યા છે. જેઓશ્રીના હાલમાં (**World Record**) ૪૫ મો વર્ષીતપ ચાલી રહેલ છે. આવા અનેક પૂજ્યશ્રીઓ આ તપની પ્રણાલીકાને આગળ વધારી રહ્યા છે એવા અનેક પૂજ્યશ્રીમાંના એક પૂજ્યશ્રી જેમની નિશ્રામાં આ વર્ષે મુંબઈમાં વર્ષીતપ ઉચ્ચરાવવામાં આવશે એવા તપસ્વીરત્ન જે પોતે વર્ષીતપની આરાધના કરી રહ્યા છે એવા પૂ. ગણિવર્ય ભગવંત શ્રી કવીન્દ્રસાગરજી મ.સા.ના મુખ્યકમલ દ્વારા ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં વર્ષીતપ ઉચરાવવીને આત્માને ધન્ય બનાવીએ.

વર્ષીતપના વાગી રહ્યા છે પડઘમ થઈ જજો સૌ નર-નારી તૈયાર એકદમ
આદીશ્વર પ્રભુના સમયથી ચાલી આવતી જે દિવ્ય તપની પરંપરા એટલે

**વર્ષીતપ**

**વર્ષીતપનો મહિમા જગજાહેર છે**

છેક આદીશ્વર પ્રભુના શાસનથી વહેતી વર્ષીતપની પરંપરા આજ દિવસ સુધી જીવંત છે
એ જ આ વર્ષીતપનો મહિમા દર્શાવે છે
આદિશ્વર પ્રભુએ વર્ષીતપ કર્યો ન હતો પણ થઈ ગયો પણ એ તપનો પ્રભાવ કેટલો કે એ
સમયથી સુપાત્ર દાનની ગંગા વહેતી થઈ

**तपसा निर्जरा च** - તપ દ્વારા તમામ કર્મોનો નાશ થઈ શકે છે નવ પદમાં પણ છેલ્લુ પદ તપ પદ મુક્યુ કારણ જ્ઞાની ભગવંતો કહે છે બધુ કરતા છેલ્લે તપ સાધનામાં લાગી જાઓ તો તમામ કર્મોનો ભુક્કો બોલાઈ જશે અને આત્માનું પુર્ણ સ્વરૂપ પ્રગટ થઈ જશે.
તપ દ્વારા જ આત્મ સૌંદર્ય ખીલતો હોય છે, તપ કરવાથી કાયા તંદુરસ્ત રહે છે અને આત્મ નિર્મળ બને છે નિકાચિત કર્મને પરાસ્ત કરવા માટેનો જો કોઈ બ્રહ્માસ્ત્ર હોય તો તે તપ છે તપના બળથી બધી રિધ્ધિ-સિધ્ધિ-સમૃધ્ધિ પ્રાપ્ત થતી હોય છે.

**એકાસણું - દુશ્મનનો ઘર કહેવાય**　　**આયંબીલ - મિત્રનો ઘર કહેવાય**

**ઉપવાસ - સ્વ (આત્માનો) ઘર કહેવાય**

**તપનુ આચરણ કરવાથી કર્મોનો જે રાજા છે એ મોહનીય કર્મને જબરદસ્ત ફટકો લાગે છે**

**(તપશ્ચર્યાના પહેરી ચીર, ધબકી ઉઠ્યુ આતમ હીર, તપસ્વી છે સાચા શુરવીર મનથી બની ગયા મહાવીર)**

**વર્ષીતપના વ્રતોચ્ચાર માટે આરાધકો, તપસ્વીઓ નીચે મુજબ સંપર્ક સુત્ર પર સમય : સવારે ૯ થી ૧૨ અને સાંજે ૫ થી ૯ વાગે ફાગણ વદ ૫, ૨૧-૩-૨૦૧૪ શુક્રવાર સુધી પોતાનુ નામ-ગામ-ઠેકાણુ-ફોન નંબર નોંધાવવા નમ્ર વિનંતી**

## સંપર્ક સુત્ર

ધીરજભાઈ લીલાધર છેડા : ૯૮૧૯૩૪૭૧૯૨
દિવ્યાબેન નેમજીભાઈ વોરા : ૯૨૨૪૧૧૫૩૧૫
ભવાનજીભાઈ વીરા : ૯૮૧૯૮૪૮૭૩૫
હર્ષાબેન અતુલભાઈ ગાલા : ૯૮૬૯૩૩૯૭૨૬
વીરચંદભાઈ ચાંપશી ધરમશી : ૯૮૨૦૦૮૨૪૭૫

લિ.: શ્રી અચલગચ્છ જૈન સંઘ, મુલુંડ (પૂર્વ) ટ્રસ્ટ મંડળ
મેનેજીંગ ટ્રસ્ટી - વલ્લભજીભાઈ કોરશી દેઢીયા (કોટડા રોહા)

# માતુશ્રી મેઘબાઈ કાનજી હંસરાજ રતાણી પરિવાર - તેરા

## ૧ લી પુણ્યતિથી શ્રદ્ધાંજલિ



જન્મ :
૪.૨.૧૯૪૦

અરિહંત શરણ :
૧૫.૩.૨૦૧૩

## મધુરીબેન મુલચંદ કાનજી લોડાયા

માં તારા ગુણ ગાતા ગાતા આંખમાં આંસુ આવે,
અણમોલ અખૂટ પ્રેમ ધારા યાદ આવે,
માંની મમતા વગર દુનિયા છે અધુરી...
પ્રભુને સ્મરણ કરતાં માંની યાદ આવે...

-: સુમન અર્પણ :-

પતિ : સ્વ. મુલચંદભાઈ કાનજી રતાણી

જેઠ - જેઠાણી : સ્વ. પદમશીભાઈ - ગં. સ્વ. જમકુબેન, સ્વ. માણેકજીભાઈ - સ્વ. જયાબેન

પુત્ર - પુત્રવધુ : ભરત - હેતલ, કિરીટ - દિપ્તી

દિકરી - જમાઈ : ગીતા (જ્યોતી) વિજય ધુલ્લા, શોભા - નિરેન મોતા,
હીના - નરેશ વિકમશી, ઉષા - જનક ખોના, રૂપા - નિતીન ગાલા,
શીલા - જયેશ ધરમશી, આશા - ગૌતમ છેડા

પૌત્ર : સંયમ, ભરત

દોહિત્રાઓ : સ્વ. રિતેશ, ધાર્મિક, જિનેન, ચાંદની, રુચિતા, અરનવ

નણંદ - નણંદોય : સ્વ. મણીબેન - સ્વ. ધનજીભાઈ, સ્વ. સરલાબેન - વીરચંદભાઈ,
સૌ. દમયંતીબેન - ચાંપશીભાઈ લોડાયા (લોખંડવાળા)

માતુશ્રી - પિતાશ્રી : સ્વ. મીઠીબાઈ, ખીમજી માણેકજી મૈશેરી (મડઈ)

## સીનીયર સીટીજન ડિગ્નીટી ક્લબ - માટુંગા દ્વારા કામણગારા કચ્છનો યાદગાર પ્રવાસ

સીનીયર સીટીજન ડિગ્નીટી ક્લબ - માટુંગાએ તા. ૧૬ થી ૨૫ ફેબ્રુઆરી સુધી કચ્છનો પ્રવાસ કર્યો હતો.

મુંબઈ થી ટ્રેનની સફર પછી ભૂજ ઉતરી, ફ્રેશ થઇ જમીને મેકાણ દાદાના ગામ ધ્રાંગ તથા ધમળકાની મુલાકાત લીધી.

બીજે દિવસે રૂદ્રમાતા ડેમ, રૂદ્રમાતા મંદિર, ઇન્ડિયા - પાકિસ્તાન બોર્ડર, કાળો ડુંગર, દત્તાત્રય મંદિર, દત્તાત્રય સમાધિ જોઇ રણોત્સવમાં ગયા. ત્યાં દરબારી ભુંગામાં પહેલેથી બુકીંગ કરાવ્યું હતું. ત્યાં જમી થોડીવાર આરામ કરી સફેદ રણમાં સૂર્યાસ્ત તથા રણને માણ્યું. પાછા આવી પ્રદર્શન જોયું. કચ્છી ડાયરો - ગીત સંગીતનો પ્રોગ્રામ માણી જમ્યા.

ત્રીજે દિવસે સવારના નિરોણા (રોગાન આર્ટ), ગોંદિયા (ફોસીલપાર્ક), જગવલ્લભ (શંખેશ્વર પાર્શ્વનાથ), વિથોણ (ખેતા બાપાની વાડી) ગયા. ત્યાં ૫૧ ફૂટની હનુમાન મૂર્તિ, સુંદર ગાર્ડન, અદભૂત સુંદર પૂતળા, લીલોત્તરી સ્વચ્છતા જોઇ અવાચક બની ગયા. ત્યાંથી છારીંઢંડ (ફૂલાઇ)માં આકર્ષક ભૂંગામાં રહ્યા.... ત્યાં રાત્રિ રોકાણ દરમ્યાન કેમ્પ ફાયરમાં સોયે ......

ચોથે દિવસે બર્ડ સેન્ચુરી જોઇ, માતાનું મઢ, આશાપુરા માતા, કમલેશ્વર મહાદેવ, કલ્પવૃક્ષ, લખપતનો કિલ્લો તથા ગુરૂદ્વારા, નારાયણ સરોવર, કોટેશ્વર મહાદેવ મંદિર પછી રાપર ગઢવારીમાં ગોડિયા પાર્શ્વનાથ દેરાસરમાં દર્શન કરી આરતી કરી. પીંગળેશ્વર મહાદેવ મંદિરમાં પણ આરતી કરી. જમીને રાત્રે બઉંતેર જિનાલય રાતવાસો કર્યો.

પાંચમે દિવસે સેવા પૂજા કરી ડોણના કાંચના ભવ્ય મંદિરના દર્શન કર્યા પછી ગોધરામાં અંબાધામના દર્શન કરી સુંદર અદ્‌ભુત પ્રદર્શન નિહાળ્યું... વૈષ્ણોદેવીની બનાવટ ને સર્વ ધર્મ સમાનની સજાવટ માણી. ત્યાં મુનિસુવ્રત સ્વામી, નેમીનાથ, મલ્લીનાથના દર્શન કરી જમીને દેઢિયા ગુણ પાર્શ્વનાથ, સમેત શીખરની પ્રતિકૃતિના દર્શન કરી શીવમસ્તુ સમોસરણ તિથના દર્શન કર્યા. પાર્શ્વનાથ પદ્મપ્રભુને જુહારી માંડવી વિજય વિલાસ પેલેસની મુલાકાત લઇ માંડવી બીચ પર જલમસ્તી ને ઊંટ સવારી કરી પછી રાવળપીર દાદાના દર્શન કરી ઘાબુડીના દરિયા પાસે રામલક્ષ્મણ સીતા મંદિરના દર્શન કરી માંડવી આશ્રમના શાંતિનાથજીના દર્શન કરી માંડવી આશ્રમની મુલાકાત લઇ યથાશક્તિ પૈસા ભર્યા. પાછા બઉતેર જિનાલય રાત્રિ રોકાણા.

છઠ્ઠે દિવસે બિદડાના સર્વોદય નેચરોપથી તથા નવજીવન નેચરોપથી કેન્દ્રની મુલાકાત લઇ ભૂજમાં પ્રાગમહેલ, આઇનામહેલ જોઇ સ્વામી નારાયણના મંદિરે દર્શન કરી ભૂજમાં ખરીદી કરી, ભૂજોડી ગયા. રસ વાટિકામાં ભોજનને ન્યાય આપી સૃજનની મુલાકાત લીધી. પછી અંજાર જેસલ-તોરલની સમાધિની મુલાકાત તથા વાસુપૂજ્ય સ્વામીના દર્શન કરી કટારિયા રાત્રિ રોકાણ કર્યું.

સાતમે દિવસે કટારિયાના કાષ્ટના સુંદર દેરાસર મુનિસુવ્રત સ્વામી, નવગ્રહના દર્શન કરી રવના રવેચીમાતા, વણોઇના એકલમાતાના મંદિર ને કંથકોટમાં કંથડનાથ બાબાના દર્શન કરી ખારોઇમાં નેચરોપથી કેન્દ્ર જોઇ મનફરાના શાંતિનિકેતન - ઓસવાલ આયોજિત વસાહતમાં વાસુપૂજ્ય દર્શન કરી ભચાઉમાં ચિંતામણી પાર્શ્વનાથના દર્શન કરી ભચાઉ હોસ્પિટલ નિહાળી હર્ષ મેપાણીને ત્યાં ચાપાણી પી નાસ્તો કરી ભચાઉ હોસ્પિટલ જોઇ ભૂજોડી ગયા. ત્યાં વર્ધમાન નગરના દર્શન કરી લક્ષ્મીચંદ લાલજી પોલડીયાને ઘરે બે ઘડી મજા કરી રાત્રે માધાપર રોકાયા.

આઠમે દિવસે જખબોતેરાના દર્શન કરી ભૂજમાં છતરડી, શરદ બાગ પેલેસ, કચ્છ મ્યુઝિયમ, હમીરસર તળાવનું રસપાન કર્યું ખજૂરના પીણાનો રસાસ્વાદ કર્યો. ભૂજ સ્ટેશને જઈ મુંબઈની ટ્રેનમાં બેઠા અંદાજિત ખર્ચમાં બચત થવાથી દરેક યાત્રીકને રૂા. ૫૦૦ પાછા આવ્યા.

# For Better Community Development Can WE Stop This?

*Tilakchand Lodya (Chenai)*

Nowadays the biggest disease faced by most of the social organizations, including that of our community, is the spread of rumours or loose talks by few of their own members. The consequent damage and devastation they inflict on the social fabric and the social workers is irretrievable. Because of this, we permanently lose sincere and dedicated social workers and their close friends working for the benefit of the Community. They diversify their energies for some other work. Such social Associations become handicapped or even defunct and stop progressing. It is no doubt true that to satisfy ones own ego most of us instantly believe and make bad publicity about someone without cross verifying the facts. Many times such bits of information turnout to be baseless and hearsay. Our sense of envy or jealousy enjoys downgrading or character assassination of any person.

Having worked in the Income Tax Department, it has become my second nature not to believe instantly anything conveyed either by a person or in any print or visual media without applying one's mind and cross verifying, wherever possible. You have to read between the lines.

Many times it is easy to identify such gossipers. They are the people who start telling about known unknown people without your asking anything. Be careful with such people, as they will tell similar things about you to others. In many social circles such gossipers or loud mouths are known and people discount them substantially. Few people avoid them and few misuse them. So please avoid being branded like a loud mouth or an unreliable person.

Once a senior respected person told me that his Partner cheated him financially. Normally, the tendency will be to believe it and spread that allegation among your friends and strangers. But I asked him, " Who was in-charge of the accounts, collections, purchases and sales?" He told that " my family was in charge of these departments." Consequently, I asked him, " in such a case, how has the other partner any scope to misappropriate any money?" He was speechless and tried to divert the topic.

Similarly, in Mumbai, a person from our community came to my office seeking help to recover his hard earned money due from one party. He produced few sheets of accounts papers showing the transactions. On seeing the papers I asked whether these were only hawala ( Pota Baaki) entries without giving real money. He quietly walked out of my chambers.

I can narrate hundreds of such examples in my life. All of us experience such instances. Therefore, I request the community members to apply the following filters whenever they hear such rumours or loose talks from any person.

One day one person met Socrates, the great philosopher of Greece and said, "Do you know what I just heard about your friend?"

"Hold on a minute," Socrates replied. "Before telling me anything I'd like you to pass a Triple Filter Test."

Socrates continued. "Before you talk to me about my friend, it might be a good idea to take a moment and filter what you're going to say. That's why I call it the triple filter test. The first filter is Truth. Have you made absolutely sure that what you are about to tell me is true?"

"No," the man said, "actually I just heard about it and...".

"All right," said Socrates. "So you don't know if it's true or not. Now let's try the second filter, the filter of Goodness. Whether what you are about to tell me about my friend is something good?"

"No, on the contrary...". "So," Socrates continued, "you want to tell me something bad about him and you're not certain about its veracity. You may still pass the test though, because there's one filter left: the filter of

RAJSHREE YOGA & FAT FREE ZONE ®

||RAJSHREE YOGA||

Weight Management & Yoga Center

Since 1994

# રાજશ્રી યોગા અને ફેટ ફ્રી ઝોન નું ૨૧મા વર્ષમાં સફળ અને મજબુત કદમ માંડતાની સાથે બે દાયકાની સફર પુર્ણ કરીને ત્રીજા દાયકામાં પ્રવેશ...

**અહીં નીચે જણાવેલ તકલીફો માટે પ્રોગ્રામ ઉપલબ્ધ છે.**

- વજન ઘટાડવું
- વજન વધારવું
- બોડી શેપિંગ, ટોનિંગ
- એજીંગ પ્રોસેસ ધીમું કરવું (ઘરડા થવાની પ્રક્રિયા ધીમી કરવી)
- ડાયાબિટીસ
- માઈગ્રેઈન (માથાનો અસહય દુખાવો)
- હાઈ અને લો બ્લડ પ્રેસર
- થાઈરોઈડ
- કોલેસ્ટ્રોલની તકલીફ
- ઘૂંટણની તકલીફ
- સાંધાનો દુખાવા
- મણકાની તકલીફ
- અસ્થમા
- ખુબ થાક લાગવો
- ફિટનેસ

લોકોમાં હેલ્થ વિષયક જાગૃતી લાવવા તથા વધુ માહિતી મળે એ હેતુથી ફ્રી સેમીનારનું આયોજન કરવામાં આવ્યું છે.કોઈપણ ઉંમરના સ્ત્રી અને પુરુષો ને ઉપયોગી માહિતી મેળવવા આપ સૌને પધારવા આમંત્રણ છે. **વહેલા તે પહેલાના ધોરણે** નામ લેવામાં આવશે.

**"વિષય : સ્થૂળતા, હેલ્થ કેર અને બિમારીનો અટકાવ."**

જેમાં વજન ઉતારવામાં સફળતા અને નિષ્ફળતા, બાળકોમાં સ્થૂળતા, ડાયાબિટીસ તથા વિવિધ બિમારીઓના અટકાવ માટેના પગલાં વિષે માહિતી આપવામાં આવશે.

**રજીસ્ટ્રેશન કરાવવાનું સ્થળ–**

Ph:- 93233 33303, 93218 99909, 24104142

૫, ધન બીલ્ડીંગ, પહેલે માળે , દાદા સાહેબ ફાલકે રોડ,

ગાડગે મહારાજ સેનેટોરિયમની સામે ભરતક્ષેત્રની ગલી માં, દાદર (ઇ), મુંબઇ -૪૦૦ ૦૧૪

વેબસાઇટ : www.rajshreeyoga.com E-mail : rajshreeyoga@gmail.com

## સેમીનાર સ્થળ :– શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક જૈન શ્વેતાંબર સંઘ ની શ્રી નારાણજી શામજી મહાજનવાડી

## તા. : 6/4/2014 રવિવારના, સમય : 8:30 થી 12:00

**ભોજનની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. રજીસ્ટ્રેશન કરાવતી વખતે રૂા.૧૦૦ અને એક ફોટો સાથે લાવવો. રૂા.૧૦૦ સેમીનાર હોલ પર પાછા મેળવી લેવા વિનંતી. સેમીનારમાં રસીદ સાથે લાવવી.**

Usefulness. Is what you want to tell me about my friend going to be useful to me?"

"No, not really."

"Well," concluded Socrates, "if what you want to tell me something which is neither true nor good nor even useful, why tell it to me at all?" The person became wiser and left.

Because of this disease almost all the social organizations face scarcity of sincere and dedicated social workers. As a result most of the people have become totally indifferent and have least interest in social work. Many rich people may donate money with strings attached or occupy some post, but they will not get involved in any activity. Our community is not an exception to these prevalent situations. These are nothing but consequences and effects of such rumour mongering and 'Sogathi Maaroing' pastime.

There can be and will be more than one opinions on any given subject or situation. Such differences in opinions are healthy. However, when they are not taken sportingly, they create havoc at social levels. Just create some doubts in the susceptible minds of people for your own self interests and then sit and enjoy the effects of its negativity on the concerned persons or organisations and derive sadistic pleasure out of it. All the communities are losing devoted and selfless social workers. They leave the social work in disgust and never return or return half-heartedly. Seeing their examples, many do not even enter in this arena. They simply run away. The effect of 'Purvagrahas' is worst than that of 'Grahas' on our relationships.

Is there any way out of avoiding and discouraging this phenomenon? Apart from the above referred solutions, I request and suggest to all the community members to use the following methodology.

This method is to use the technology which is easily available with all of us. Whenever required, I frequently use it, both in the office and outside. All of us have mobiles having conference call facility. If a person talks loose or bad about someone on phone, immediately tell him to wait a minute and connect on concall the other person to verify the facts. In 99.99% of cases, I am sure, this person will try to wriggle out with some excuse to change the topic or will just disconnect. If he disconnects, again connect him and ask him and if he refuses tell him politely that why are you are talking unverified and baseless lies about someone behind his back.

If such a person is talking to you in person, just connect the other person and keep your mobile on speaker mode and cross verify. And Lo! See the reactions of the person, who was talking ill about the other person or implicating him in some happening or incidence. In all probability, the person in front of you will go away or invent some new excuse.

If all our community members adopt this practice, it will ensure that such rumour mongering, loose talks and character assassination will get reduced, if not eliminated. Once people know about your style, they will never gossip with you. Honest and hard social workers will work for the benefit of the community and all the loose talkers will be shown their place. This apart your personal life will become much better because your mind will get rid of all such unwanted garbage you carry all through your life. Your relationship with all will be cordial and clear. You will be trusted.

Let us hope that our community members discourage this practice of rumour mongering and gossiping for belittling others behind their back and at their cost. Sincere social workers need full support of the community against arbitrary and baseless defamation.


અસલ કલા-કસબનો સમન્વય

જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ

Sachi Jari maate real nam

સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો
પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઇનો,
શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...

૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે,
મુંબઇ- ૦૨. Tel. : 22413995 / 22402786

## સવારનો નાસ્તો

વનિતા



વિશ્વ

પારૂલ, રવિવારની રજાનો કેવી રીતે ઉપયોગ કરવો તે વિચારતી હતી.... દરરોજની દોડાદોડીમાં પોતાના માટે વિચારવાનો કે કંઈક અલગ કરવાનો સમય તેને ફક્ત રવિવારે જ મળતો. ચાલો, આજે ઝડપથી સવારનો નાસ્તો બનાવી દઉં, ત્યારબાદ આરામથી અખબાર વાંચીને મનને તંદુરસ્ત કર્યા બાદ જ રસોઈ તરફ વળવાનું વિચારીશ, તેમ કહીને તે રસોડા તરફ આગળ વધી.

ડૉરબેલ વાગ્યો ટિંગ... ટિંગ... ટિંગ... ટિંગ... અરે, સવાર સવારમાં તે વળી કોણ આવ્યું હશે ! બાજુવાળા પડોશી કે પછી કોઈ મહેમાન કે પછી... !! દરવાજો ખોલ્યો, સામે ઘરકામ કરતી સાવિત્રીબાઈ ઊભી છે. હસતાં હસતાં તેણે ઘરમાં પ્રવેશ કર્યો, ‘‘ભાભી, યે તુમચ્યા સાઠી મી સાબુદાણા ચે વડે બનવલે આહે, તુમ્હી નાસ્તા કરા... મી નંતર યેતે’’ (તમારા માટે મેં સાબુદાણાના વડાં બનાવ્યાં છે. તમે બધા નાસ્તો કરો હું પછી આવું છું) તેવું કહીને તે તરત જ નીકળી ગઈ. સ્ટીલનો ચકચકિત ડબો ખોલ્યો, તો તેમાં ગરમાગરમ મહારાષ્ટ્રીયન પદ્ધતિના બનાવેલ સાબુદાણા વડાંની અપ્રતિમ સુગંધ આવવા લાગી. ઘરના દરેક સભ્યોએ વડાંનો આસ્વાદ માણ્યો. ખુશ ખુશ થઈ ગયા.

